# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૧/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'સાયકલીંગ ઇઝ નોટ જસ્ટ ટ્રાન્સપોર્ટેશન, ઇટ ઇઝ ટ્રાન્સફોર્મેશન' વિશે વર્ચ્યુઅલ પબ્લીક મિટિંગ યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે મંગળવાર, તા. ૧૧ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ સાંજે ૫:૦૦ કલાકે 'સાયકલીંગ ઇઝ નોટ જસ્ટ ટ્રાન્સપોર્ટેશન, ઇટ ઇઝ ટ્રાન્સફોર્મેશન' વિષય ઉપર વર્ચ્યુઅલ પબ્લીક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેરના મેયર ડો. જગદીશ પટેલના અધ્યક્ષ સ્થાને આ મિટિંગ યોજાઇ હતી. જેમાં પેનલિસ્ટ તરીકે સુરત – મજુરાના ધારાસભ્ય હર્ષ સંઘવી, ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયા, સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ડો. રાજેશ પંડ્યા, ગેપીલના સંચાલક તેમજ પર્યાવરણવાદી ગિરિશ લુથરા, ધી વરાછા કો–ઓપરેટીવ બેંક લિમિટેડના ચેરમેન કાનજી ભાલાળાએ સાયકલીગ વિશે પોતાના મંતવ્યો તથા મહત્વના સૂચનો રજૂ કર્યા હતા. ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ કમલેશ યાજ્ઞિકે સાયકલીગને પ્રમોટ કરવા માટેના પાયલોટ પ્રોજેકટ્સની માહિતી આપી હતી.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, નેધરલેન્ડમાં સાયકલ માટે સ્પેશિયલ ટ્રેક બનાવવામાં આવ્યા છે. જ્યારે કેટલાક સ્થળે સાયકલને પહેલાં પસાર થવા માટેની ઓટોમેટીક સિસ્ટમ ગોઠવવામાં આવી છે. શહેરમાં પાર્કીગ માટે પણ સુરત મહાનગરપાલિકા સારુ કામ કરી રહી છે. દરેક ઝોનમાં પાર્કીગની વ્યવસ્થા થઇ રહી છે ત્યારે માત્ર સાયકલીગ માટે સ્પેશિયલ પાર્કીગની વ્યવસ્થા કરવામાં આવે તો રસ્તાઓ ઉપર ટ્રાફિકની અડચણ ઉભી થશે નહીં. તદુપરાંત દિવાળીમાં કારીગરોને કેશમાં બોનસ આપવાને બદલે બોનસ તરીકે સાયકલ આપવા માટે પણ હીરા ઉદ્યોગકારોને અનુરોધ કરીશું. ખાસ કરીને કોવિડ– ૧૯માં સાયકલીગને પ્રમોટ કરવા માટે બધાએ પ્રયાસ કરવો જોઇએ.

તેમણે વધુમાં કહયું હતું કે, ચેમ્બર દ્વારા પણ ૧૫મી ઓગષ્ટ ૨૦૨૦ના રોજ વૃક્ષારોપણ તથા વરસાદી પાણીના સંચય માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. સાયકલીંગના કેમ્પેઇન માટે ચેમ્બર દ્વારા દરેક પ્રકારના પ્રયાસ કરવામાં આવશે.

ડો. જગદીશ પટેલે જણાવ્યું હતું કે, સાયકલને કોઇ એક ફિલ્ડ સાથે જોડવી ન જોઇએ તેને ઘણા બધા ફિલ્ડમાં અસર કરનારી ચાવીના રૂપમાં જોઇ શકાય છે. આપણે ત્યાં પણ ભૂતકાળમાં રોડ ઉપર સાયકલની સંખ્યા વધારે જોવા મળતી હતી. જો કે, અત્યારે એ આપણી જરૂરત બની ગઇ છે. આપણા શારીરિક ફાયદા માટે તે ઉપયોગી સાબિત થઇ છે. હેલ્થ કોન્શીયસનેસ માટે સાયકલ ખૂબ જ જરૂરી છે. મોટરસાયકલ તથા અન્ય વ્હીકલનો લોકલ ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગ કરીએ ત્યારે તેને કારણે પ્રદુષણ થાય છે. તદુપરાંત પેટ્રોલ–ડિઝલ મોટાભાગે આયાત કરવામાં આવે છે. જેની માઠી અસર પર્યાવરણ તથા દેશની ઇકોનોમિ ઉપર પડે છે.

તેમણે વધુમાં કહયું હતું કે, પહેલા મોટરસાયકલને સ્ટેટસ સિમ્બોલ માનતા હતા પરંતુ અત્યારે મોટરસાયકલનું સ્થાન સાયકલે લઇ લીધું છે. સાયકલ ચલાવશો તો તેના માટે હેલ્મેટ અને લાયસન્સની પણ જરૂર પડતી નથી. સાયકલ લઇને જ નોકરીએ આવવા માટે નિયમ બનાવવો જોઇએ. તેમણે નાગરિકોને ફિટનેસ, સેવીંગ્સ, સ્ટેટ સિમ્બોલ, પર્યાવરણને શુદ્ધ રાખવા માટે સાયકલનો ઉપયોગ કરવા માટે વિનંતી કરી હતી.

ડો. રાજેશ પંડ્યાએ જણાવ્યું હતું કે, સાયકલને એક પ્રેસ્ટીજ માનવી જોઇએ. સાયકલ ચલાવનાર વ્યકિત ગરીબ નહીં પણ ટ્રાફિકની અડચણને દૂર કરવાવાળો તેમજ પર્યાવરણને બચાવનાર જવાબદાર વ્યકિત તરીકે તેની ઓળખાણ થવી જોઇએ. સમાજનો સાયકલ તરફ જોવાનો નજરીયો બદલવો પડશે. યુવાઓમાં પણ કલ્ચરલ બદલાવ લાવવો પડશે. તેમણે કહયું હતું કે, નેધરલેન્ડમાં અકસ્માતોને કારણે રોજેરોજ અસંખ્ય વ્યકિતઓના મોત થતા હતા. ઓઇલના ભાવ પણ વધી ગયા હતા એટલે તેઓએ વ્હીકલને સાઇડ પર મુકીને સાયકલનો ઉપયોગ શરૂ કર્યો હતો. અત્યારે આપણે સૌને કોવિડ– ૧૯ને કારણે ઉભી થયેલી ક્રાઇસિસમાંથી બહાર નીકળીને સાયકલના માધ્યમથી ઉપર ઉઠવાનું છું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં જુદી–જુદી સંસ્થાઓ દ્વારા સાતથી આઠ અભ્યાસ કરવામાં આવ્યા છે. જેમાં સુરત શહેરના ૨૫ ટકા લોકો જો પરિવહન માટે સાયકલનો ઉપયોગ કરશે તો ૮ લાખ જેટલી ટ્રિપ્સ સાયકલીંગ ઉપર કન્વર્ટ થઇ જશે. આથી રસ્તાઓની હાલત સારી રહેશે અને પર્યાવરણ પણ શુદ્ધ થઇ જશે. સાયકલીંગ માટે લોકોમાં જાગૃતતા લાવવા માટે ૧૫મી ઓગષ્ટના રોજ એક વર્ચ્યુઅલ ઇવેન્ટ થનાર છે. જેમાં લોકો પોતપોતાના ઘરે રહીને સાયકલીંગ, વોકીંગ અને રનીંગ કરે તેવી આ ઇવેન્ટ કરવામાં આવશે. જેમાં શહેરીજનોના સૂચનો પણ લેવામાં આવશે.

ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે, સાયકલીંગને કારણે પ્રદુષિત થયેલા પર્યાવરણમાં સુધારો આવશે તેની સાથે ઇકોનોમિકલ ગ્રોથ પણ થશે. ખાસ કરીને સુરતનો હેપ્પીનેસ ઇન્ડેક્સ ઉંચો જશે. સાયકલીંગને કારણે લોકોનું ડિપ્રેશન ઓછું થશે. તેમણે કહયું હતું કે, વરાછા વિસ્તારમાં રહેતા રત્નકલાકારો મહદ્અંશે જ્યાં રહે છે તેથી ત્રણ કિલોમીટરના ફરતે તેઓ નોકરી કરતા હોય છે. આથી તેઓને સાયકલીંગ માટે પ્રોત્સાહિત કરવા માટે હીરાના ઉદ્યોગકારો, વેપારીઓ, સિનિયર મેનેજર્સ તથા સ્થાનિક રાજકીય નેતાઓએ થોડા દિવસો માટે પરિવહન માટે રસ્તાઓ ઉપર સાયકલ ઉપર નીકળવું જોઇએ. લીડર્સને જોઇને રત્નકલાકારો પણ સાયકલીંગ માટે પ્રેરાશે. તદુપરાંત હીરાના મોટા એકમોમાં વ્હીકલ માટે પાર્કીંગની અગાઉથી સુવિધા છે. જેથી સાયકલની

પાર્કીંગ માટે અલગથી વ્યવસ્થા કરવાની જરૂર પણ નહીં પડશે. વધુમાં તેમણે કહયું હતું કે, સ્કૂલોમાં પણ સાયકલ ઉપર આવતા વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહિત એકટીવિટી તરીકે સાયકલીંગની કોમ્પીટીશન કરવી જોઇએ.

કાનજી ભાલાળાએ જણાવ્યું હતું કે, સુરતને સાયકલ સિટી બનાવવાના સંકલ્પ સાથે આગળ વધવું પડશે. સુરતના મિજાજમાં સાયકલને ઘુસાડવા માટે નાગરિકોને પ્રોત્સાહિત કરવા પડશે. એના માટે આપણે સૌને સામુહિક રીતે પ્રયાસ કરવો પડશે. દરેક સામાજિક કાર્યક્રમોમાં પણ સાયકલનો ઉલ્લેખ કરવો પડશે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં લૂમ્સ કારખાનાઓમાં જતા કારીગરો સાયકલ ઉપર નજરે પડે છે તેવી રીતે હીરા ઉદ્યોગના કારીગરો સાયકલ ઉપર દેખાતા નથી. આથી તેઓને પરિવહન માટે સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા પડશે. સ્કૂલોમાં પણ વિદ્યાર્થીઓને મોટરસાયકલને બદલે સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા પડશે. શહેરમાં વિમાનની જેમ સાયકલ સર્કલ બનશે ત્યારે સાયકલને વધુ રિસ્પેકટ અપાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વરાછા કો–ઓપરેટીવ બેંકમાં જે કર્મચારીઓ સાયકલ ઉપર આવશે તેને એલાઉન્સ તરીકે રૂપિયા ૫૦૦ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સમૂહલગ્નોમાં પણ નવ વિવાહિતોને સાયકલ આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. લોકોને નાણાંકીય લાભ આપવામાં આવશે તો તેઓ ચોકકસપણે સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રેરાશે અને ધીરે ધીરે લોકોનો સાયકલ પ્રત્યેનો માઇન્ડ સેટ પણ બદલાશે.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પર્યાવરણમાં ફેલાયેલા પ્રદુષણને અટકાવવા માટે સાયકલીંગ થકી જ સફળતા મેળવી શકાશે. સાયકલીંગને પ્રમોટ કરવા માટે અન્ય વસ્તુઓનો પણ સમાવેશ કરવો જોઈએ. સાયકલને હવે ફેશનમાં લાવવી પડશે. ફેશન સ્ટેટમેન્ટ બનતાની સાથે જ લોકોનો સાયકલ પ્રત્યેનો વિચાર બદલશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને સાયકલ આપવામાં આવી રહી છે. જે કર્મચારીઓ સાયકલનો ઉપયોગ કરે છે તેઓને સમાજ પ્રત્યે સારું પગલું ભરવા માટે વિશેષ આદર આપવો જોઇએ. ડાયમંડ ફેકટરીના સંચાલકોએ આ દિશામાં પ્રયાસ કરવો જોઇએ. સુરત મહાનગરપાલિકા દ્વારા પણ શેરીંગ સાયકલની મુવમેન્ટ હાથ ધરવામાં આવી છે, જે ખૂબ જ પ્રોત્સાહક બાબત છે. સુરત શહેરમાં જરૂરિયાતમંદ લોકોને સાયકલ આપવાની ચાલતી મુવમેન્ટને પણ આગળ વધારવા માટે તેમણે જાહેરાત કરી હતી.

કમલેશ યાજ્ઞિકે સાયકલીંગને પ્રમોટ કરવા માટે તૈયાર કરવામાં આવેલા પાયલોટ પ્રોજેક્ટ્સ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોપઅપ લેન્ડ્સ કે જે ૨૦ કિલોમીટર સુધીનો એક વિસ્તાર છે. ઓકટોબર ૨૦૨૦ પછી આખા શહેરમાં જ્યાં જ્યાં શકય હશે ત્યાં સાયકલીંગ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ધોરણ એકથી આઠ સુધીના બાળકોના અભ્યાસ ક્રમમાં સાયકલીંગ એટલે શું? તથા કલાયમેટ ચેન્જને દૂર કરવા માટે તેની જરૂરિયાત વિશેનો કોર્સ પણ તૈયાર કરવામાં આવ્યો છે. તદુપરાંત એક એપ પણ ડિઝાઇન કરવામાં આવી છે. આ એપમાં જઇશું એટલે તેમના નજીક સાયકલ ટ્રેક કયાં છે? સાયકલ નજીકમાં કયાં રિપેર થઇ શકશે? નવી સાયકલ કયાંથી ખરીદી શકાય? વિગેરે માહિતી ઉપયોગકર્તાને જોવા મળશે. આગામી બે મહિનામાં આ ત્રણ પાયલોટ પ્રોજેકટ ઉપર કામ કરવામાં આવનાર છે. સુરતમાં બીઆરટીએસ બસની પાછળ સાયકલ સ્ટેન્ડ લગાવવામાં આવશે. જેથી કરીને વ્યકિત સાયકલ અને બસ બંનેનો ઉપયોગ કરી શકશે.

આ પબ્લીક મિટિંગમાં મોડરેટર તરીકે ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય તેમજ સુરતના બાયસિકલ મેયર સુનિલ જૈને સાયકલીંગનું મહત્વ અને તેની જરૂરિયાત વિશે પ્રસ્તાવના રજૂ કરી હતી. મેનેજિંગ કમિટીના સભ્ય દીપકકુમાર શેઠવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ સર્વેનો આભાર માની મિટિંગનું સમાપન કર્યું હતું.